જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૭/૧૨/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૩ બિયર ટીન, ૧ કાર, ૨ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૪૬/૨૦૨૪

**ગુજરાત યુનિવર્સિટીઃ** સિધ્ધી ડો/ઓ ગીરીશભાઇ કાનાબાર (રહે. માલાબાર કાઉંટી-૨ નિરમા યુનિવર્સીટી પાછળ ત્રાગડ) એ તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૪ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા જોગર્સ પાર્કની બહાર પાર્ક કરેલ પોતાના જ્યુપીટરની ડેકી ખોલી ડેકીમાંથી અજાણી વ્યક્તિ બે પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૮,૦૦૦/-, ઇયર બર્ડ કિમત રૂપિયા ૧૫૦૦/-, રોકડ રૂપિયા ૨,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજ હતા. તેમજ મોબાઇલ ફોનમાં AU સ્મોલ ફાઇનાન્સની એપ્લીકેશન હોય જે એપ્લીકેશન દ્વારા રૂપિયા ૧,૦૦,૦૦૦/- ટ્રાંઝેકશન કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.મનાત ચલાવે છે.

**રાણીપઃ** કૌશલ્યાબહેન વા/ઓ ગીરીરાજભાઇ જેથલીયા (ઉ.વ.૬૩) (રહે. રૂપકમલ સોસાયટી ગાયત્રી મંદીર રોડ રાણીપ) તા.૧૫/૧૨/૨૦૨૪ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે રાણીપ ગાયત્રી મંદીરથી પોતના ઘરે જવા માટે શટલ ઓટોરીક્ષામાં બેઠા હતા દરમ્યાન રસ્તામાં રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે સ્ત્રી તથા એક પુરૂષે કૌશલ્યાબહેનની નજર ચુકવી કૌશલ્યાબહેનના હાથમાં પહેરેલ સોનાનુ કડું કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ કૌશલ્યાબહેન જેથલીયાએ તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**ત્યજી દીધેલ શિશું મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૭/૨૦૨૪**

**બાપુનગરઃ** તા.૧૬/૧૨/૨૦૨૪ બપોરના ૩/૪૧ વાગ્યાના સુમારે બાપુનગર સબીર સૈયદ મસ્જીદ પાછળ લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ નજીકથી ત્યજી દીધેલ જીવીત હાલતમા શિશું મળી આવતા બાપુનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.ખૈર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૮/૨૦૨૪**

**નિકોલઃ** હરકેશ ઓમપ્રકાશ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. વસ્ત્રાલ ગામ રામોલ) તા.૧૬/૧૨/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે કઠવાડા જી.આઇ.ડી.સી.વંદે માતરમ-૩ નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા હતા ત્યારે વિજ લાઇન નજીકથી લોખંડની સીડી લઈને જતા હતા ત્યારે સીડી વિજ લાઇનને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ઓઢવ સિંગરવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિદ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૯/૨૦૨૪**

**કૃષ્ણનગરઃ** કૃષ્ણનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતા દિનેશભાઈ લક્ષ્મણભાઈ પટણી નાઓની સગીર વયની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૪ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

**બાપુનગરઃ** પ્રવિણભાઈ મોહનભાઈ પરમાર (ઉ.વ.૩૪) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન, ગાયત્રી મંદિર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૨/૨૦૨૪ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઇશ્રી એસ.જી.ખૈર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી